જન્મદિને વધામણી

નટવર હેડાઉ
પ્રમુખ, ગાંધીનગર સાહિત્ય સભા
મો. ૮૯૮૦૦ ૨૯૨૧૨

મેહુલ પટેલ
કારોબારી સભ્ય, કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૦ ૨૫૦૩૮

નટવર હેડાઉ
પ્રમુખ, ગાંધીનગર સાહિત્ય સભા
મો. ૮૯૮૦૦ ૨૯૨૧૨

દિલીપસિંહ જે બ્રહ્મભટ્ટ

ઋતુ મેહુલ પ્રજાપતિ

પિયુષ રાજુભાઈ વાઘેલા

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

કોલવડા પ્રાથમિક વિદ્યામંદિરમાં વાર્ષિક રમતોત્સવ

બાશ્રી ચંચળબા પ્રતાપસિંહજી ગોબરભા વાઘેલા પ્રાથમિક વિદ્યામંદિર,કોલવડા, ખાતે ધોરણ ૧ થી ૮ના બાળકોનો રમતોત્સવ ઉજવવામાં આવ્યો હતો.જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અને દરેક વિજેતા બાળકોને પ્રથમ અને બીજા નંબરને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

એસ. જી. સ્કૂલના વિદ્યાર્થીઓ પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં જોડાયા

એસ. જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલના ધોરણ-૮માં અભ્યાસ કરતા ૫૦ વિદ્યાર્થીઓએ સેક્ટર-૩૦માં સ્થિત ગીર ફાઉન્ડેશનની શિબિરમાં ભાગ લીધો હતો. જળ સંરક્ષણ ઉપરાંત પર્યાવરણ સંરક્ષણ અને છોડ, વૃક્ષો અંગે પણ વિદ્યાર્થીઓએ ઊંડાણપૂર્વકની માહિતી આ શિબિરના માધ્યમથી પ્રાપ્ત કરી હતી.

સેક્ટર-૨૩ પગાર કેન્દ્ર શાળામાં ભાષાશુદ્ધિ અંગે વક્તવ્ય યોજાયું

સેક્ટર-૨૩ પગાર કેન્દ્ર શાળામાં ભાષાશુદ્ધિ અંગેના વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

રોહિતભાઈ બી જોષી દ્વારા બાળકોને ગમ્મત સાથે જ્ઞાન, ભાષાશુદ્ધિ, વ્યાકરણ વિશે વિશદ માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત ઉત્તરાયણ પર્વ નિમિત્તે પક્ષીઓનાં જતન અને જીવદયા વિશે તેમણે બાળકોને સમજ પૂરી પાડી હતી અને માતાપિતાને નિયમિત વંદના કરવાના સંસ્કાર પાળવા તેમણે બાળકોને અનુરોધ કર્યો હતો. શાળા પરિવાર તરફથી રોહિતભાઈ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

સર્વ નેતૃત્વ ગૃપ દ્વારા ભૂલકાઓ સાથે આનંદ

કડી સર્વ વિશ્વવિદ્યાલયા સંલગ્ન સર્વ નેતૃત્વ ગૃપના વિદ્યાર્થીઓ દ્વારા નવા વર્ષની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી. ગાંધીનગરના સેક્ટર-૧૩માં સ્થિત આંગણવાડીમાં અભ્યાસ કરતાં નાના ભૂલકાઓનાં ચહેરા પર સ્મિત લાવવાનું ઉમદા કાર્ય આ વિદ્યાર્થીઓએ કર્યું હતું. પોતાના ચહેરા પર જોકર જેવો મેક-અપ કરી, તેમની સાથે અવનવી રમતો રમી તેમને ખુશી અર્પવાનો સફળ પ્રયાસ કર્યો હતો. ભૂલકાઓ સાથે ગરબા રમવાનો આનંદ પણ તેમણે માણ્યો હતો. નૂતન વર્ષે એકપણ રૂપિયો વધારાનો ખર્ચ કર્યા સિવાય તેમણે ખુશી આપવાનું ને લેવાનું કામ કરીને સમાજને પ્રેરણાદાયક સંદેશો પણ પૂરો પાડ્યો હતો.

યુપીએસસીની પરીક્ષા અને તેના ઈન્ટરવ્યુ વિષે માહિતી આપશો

કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. 'કરિયર કોર્નર' કૉલમને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અમે આપના સહકારથી અમને ખૂબ પ્રોત્સાહન મળે છે અને અમે વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપવા કટિબદ્ધ છીએ. આભાર. હવે આપ અમને ફેસબુક પર લાઈક કરી શકો છોઃ facebook.com questions.careercorner પર.

૧. શું આગળ જતાં સરકારી નોકરીનો ક્રેઝ ઘટી જશે?
- જૈમિન તલવિયા, અમદાવાદ

જૈમિન, આપનો સવાલ ખૂબ સરસ અને વિચારાત્મક છે.હાલ આપણે આજુ બાજુ ની પરિસ્થિતી પર નજર કરીએ તો તો દરેક ૫ માંથી ૪ વિદ્યાર્થીઓ સરકારી નોકરી મળવવા ની ઈચ્છા સેવતા હોય છે અથવા તો એ માટે ની તૈયારી કરતાં હોય છે.હવે આ આખી પરિસ્થિતી નું વિશ્લેષણ કરીએ તો ખ્યાલ આવે કે છેલ્લા થોડા વર્ષો થી સરકારી નોકરી માં રુચિ વિદ્યાર્થીઓની વધતી જાય છે, પછી એ વિદ્યાર્થી એ બી.કોમ કર્યું હોય કે બી.એસ.સી અથવા તો એંજિનિયરિંગ કર્યું હોય.એ પાછળ ના સૌથી મોટા કારણની વાત કરીએ તો સરકારી નોકરી કાયમી હોય છે એટ્લે કે એક વાર સરકારી નોકરી મળી ગયા પછી ૫૮ થી ૬૦ વર્ષ સુધી એ નિયમિત ચાલુ રહે છે એટ્લેકે ટૂંક માં આપનું ભવિષ્ય સિકયોર એટ્લે કે સુરક્ષિત થઈ જાય છે.બીજું કારણ એ છે કે

હાલ સ્નાતક થયા પછી ઘણા વિદ્યાર્થીઓ સારી કહી શકાય એવી પ્રાઈવેટ જોબ મેળવી ના શકતા એ લોકો પણ સરકારી નોકરી તરફ આકર્ષિત થતાં હોય છે.હવે આ આખી પરિસ્થિતી ને હકીકત માં જોઈએ તો એ તારણ આવે કે આ દરેક વિદ્યાર્થીઓ કે જે સરકારી નોકરી નોકરી ની તૈયારી કરે છે એમાંથી જોબ મેળવનાર ની સંખ્યા ખૂબ ઓછી છે.કારણકે ફક્ત ગુજરાત ની વાત કરીએ તો એક સામાન્ય ૧૫૦૦ સરકારી નોકરી ની જગ્યાઓ માટે ૧૨ થી ૧૩ લાખ લોકો અરજી કરતાં હોય છે.એટ્લે બાકી એ ૧૫૦૦ સિવાય ના બાકી ના લોકો ફરીથી એજ પરિસ્થિતી માં આવી જતાં હોય છે.એટ્લે આપના મૂળ પ્રશ્ન પર આવીએ તો જયાં સુધી સરકારી નોકરીની જગ્યાઓ બહાર પડતી રહેશે ત્યાં સુધી વિદ્યાર્થીઓમાં સરકારી નોકરી પ્રત્યે ક્રેઝ એટ્લે કે રુચિ ઘટવાની નથી પણ હજુ વધવાની સકયતાઓ દેખાઈ રહી છે..અને એક તારણ એમ પણ કહે છે આવનારા થોડા વર્ષો બાદ જયારે સરકાર ના દરેક ડિપાર્ટમેંટ ની જગ્યા ઓ ભારાઈ જતાં સરકારી ભરતી એકદમ નહિવત પણ બની શકે છે. એ પરિસ્થિતી માં બની શકે કે ભાવિ વિધાર્થીઓ કોઈ અલગ દિશા માં વિચારવું પડે.પણ એ સ્થિતિ આવે ત્યાં સુધી તો ક્રેઝ ઘટે એવું કોઈ કારણ હાલ તો નજર નથી આવી રહ્યું. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

૨. હું ૧૨ કોમર્સમાં અભ્યાસ કરું છું. મારે (સી.એલ.એ.ટી (ક્લેટ પરીક્ષા આપવી છે. ક્યારે આપી શકાય અને શેના માટે હોય છે? શું ખરેખર આ પરીક્ષા જેટલી ચર્ચિત છે તેટલી યોગ્ય અને સારી છે?
- રાજન પુરોહીત, દહેગામ

રાજન,આપનો સવાલ વાંચીને આનંદ થયો કે આપ કઈક અલગ વિચારી રહ્યા છો. એન.એલ.યુ એટ્લે નેશનલ લૉ યુનિવર્સિટી માં પ્રવેશ માટે આપે સી.એલ.એ.ટી એટ્લે કોમન લૉ એડ્મીશન ટેસ્ટ પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. એટલેકે કે જો આપ વકીલાત ક્ષેત્ર માં જવા માંગો છો તો આપ આ પરીક્ષા આપ ધોરણ ૧૨ પછી આપી શકો છો. એન.એલ.યુ (નેશનલ લૉ યુનિવર્સિટી)જેવી પ્રતિષ્ઠત સંસ્થા માં એડ્મીશન આપ જણાવેલ પરીક્ષા દ્વારા લઈ શકો છો.આ સિવાય આપ એન.એલ.યુ દિલ્હિ માટે એ.આઈ.એલ.ઈ.ટી પણ આપી શકો છો. આ પરીક્ષા માટેની તૈયારી આપ અત્યારથી જ ચાલુ કરી શકો છો. આ પરીક્ષામાં મુખ્યત્વે પાંચ પ્રકારના પ્રશ્નો પૂછાતા હોય છે.ગણિત,અંગ્રેજી, રીઝનિંગ,સામાન્ય જ્ઞાન અને લિગલ રીઝનિંગ. જેમાં ગણિત ના ઓછા પ્રશ્નો તથા રીઝનિંગ,સામાન્ય જ્ઞાન અને લિગલ રીઝનિંગ ના પ્રશ્નો પ્રમાણ માં વધુ પૂછે છે. આ પાંચ પ્રકાર ના પ્રશ્નો પર નિયમિત વાંચન કરીને આપ સારા ગુણ પ્રાપ્ત કરી સારી અને પ્રતિષ્ઠત કોલેજમાં એડ્મીશન

મેળવી શકો છો. સામાન્ય જ્ઞાનની વાત કરીએ તો એ માટે આપ નિયમિત ન્યૂઝ પેપર વાંચી શકો છો.એમાં પણ આપના માટે અંગ્રેજી ન્યૂઝપેપર વાંચવુ વધુ હિતાવહ છે કારણ કે આ પરીક્ષા અંગ્રેજીમાં થતી હોય છે. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

૩. હું અત્યારે બી.ફાર્મ કરી રહ્યો છું. યુ.પી.એસ.સી.ની પરીક્ષા અને તેમાં લેવાતા ઇન્ટરવ્યુ વિશે માહિતી આપશો.
- અભિષેક પટેલ, ઉવારસદ

આપના પ્રશ્ન પરથી ખ્યાલ આવે છે કે આપ યૂ.પી.એસ.સી. સિવિલ સર્વિસિસ (સી.એસ.)ની વાત કરી રહ્યા છો. સિવિલ સર્વિસિસની પરીક્ષા ત્રણ તબક્કામાં થતી હોય છે. પ્રથમ તબક્કો જેને પ્રિલિમ્સ (પ્રાથમિક) પરીક્ષા કહેવાય છે. તેમાં બે ભાગ હોય છે – એપ્ટિટ્યૂડ ટેસ્ટ (સી.એસ.એ.ટી) અને જનરલ સ્ટડીઝ (જી.એસ.). તેમાં ઉતીર્ણ થયા બાદ આપે સિવિલ સર્વિસિસ મેઈન્સની (મુખ્ય) પરીક્ષા આપવાની રહે છે. તેમાં કુલ નવ પેપર હોય છે. તેમાંથી બે પેપર ભાષાના હોય છે – એક પેપર કોઈ પણ ભારતીય ભાષાનું અને બીજું પેપર અંગ્રેજી ભાષાનું. નિબંધ લેખન પર એક પેપર હોય છે. તદુપરાંત બે પેપર જનરલ સ્ટડીઝ અને બે પેપર ઓપ્શનલ સબ્જેક્ટ એટ્લે આપડે સિલેક્ટ કરેલા વિષયોમાંથી હોય છે. મુખ્ય પરીક્ષા પાસ કર્યા બાદ, ઈન્ટરવ્યૂ લેવાતા હોય છે. અને તે પણ પાસ કર્યા બાદ આપનું મેરીટ લિસ્ટ બને છે. મેરીટ પ્રમાણે પછી સિવિલ સર્વિસિસમાં જગ્યા મળતી હોય છે. સિવિલ સર્વિસિસ જેમ કે આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.આર.એસ., વિગેરે માં મેરીટ પ્રમાણે જગ્યા મળી શકે છે. ઈન્ટરવ્યૂ માટે આપે વ્યવસ્થિત તૈયારી કરવાની રહે છે. સામાન્ય રીતે ઈન્ટરવ્યૂમાં પેનલ હોય છે. ઈન્ટરવ્યૂ તમારી માનસિક સ્થિરતા અને ક્ષમતા ચકાસે છે. આપ કરંટ અફેર્સ નિયમિત વાંચો તેવી અપેક્ષા હોય છે. આપના ગ્રેજ્યુએશનના વિષયો ઉપર આપની મજબૂત પકડ હોવી જોઈયે. ઈન્ટરનેટ પર યૂ.પી.એસ.સી. ઈન્ટરવ્યૂના નામે ચાલતા ઘણા બધા પ્રશ્નો હકીકતમાં યૂ.પી.એસ.સી.ના હોતા નથી અને તેથી આવા પ્રશ્નોથી ભ્રમિત થવું નહીં. જો ઈન્ટરવ્યૂમાં કોન્ફિડંટ હશો તો આપ ચોક્કસ ઈન્ટરવ્યૂ પાસ કરી શકશો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

ઈમેલ : questions.careercorner@gmail.com
WhatsApp : 8849221653
Facebook:www.facebook.com/questions.careercorner

વિશ્વપ્રેમ મનુષ્યને ક્યાં લગી લઈ જઈ શકે

જો હું કોમી સેવામાં ઓતપ્રોત થઈ ગયો હતો તો તેનું કારણ આત્મદર્શનની અભિલાષા હતું. ઈશ્વરની ઓળખ સેવાથી જ થશે એમ ધારી સેવાધર્મનો સ્વીકાર કર્યો હતો. હિંદની સેવા કરતો હતો કેમ કે તે સેવા મને સહજપ્રાપ્ત હતી, તેની મને આવડતી હતી. તેને મારે શોધવા નહોતું જવું પડ્યું. હું તો મુસાફરી કરવા, કાઠિયાવાડની ખટપટમાંથી છૂટવા અને આજીવિકા શોધવા દક્ષિણ આફ્રિકા ગયો હતો. પણ પડી ગયો ઈશ્વરની શોધમાં-આત્મદર્શનના પ્રયત્નમાં. ખ્રિસ્તી ભાઈઓએ મારી જીજ્ઞાસા બહુ તીવ્ર કરી મૂકી હતી. તે કેમે શમે તેમ ન હતી; ન ખ્રિસ્તી ભાઈબહેનો, હું શાંત થવા માગું તોયે, થવા દે તેમ હતું; કેમ કે ડરબનમાં મિ. સ્પેન્સર વૉલ્ટન, જે દક્ષિણ આફ્રિકાના મિશનના મુખી હતા, તેમણે મને ખોળી કાઢ્યો. તેમના ઘરમાં હું કુટુંબી જેવો થઈ પડ્યો. આ સંબંધનું મૂળ પ્રિટોરિયામાં થયેલા સમાગમ હતા. મિ. વૉલ્ટનની શૈલી કંઈક જુદા પ્રકારની હતી. તેમણે મને ખ્રિસ્તી થવા નોતર્યો હોય એવું યાદ નથી. પણ પોતાના જીવનને તેમણે મારી આગળ મૂકી દીધું ને પોતાની પ્રવૃત્તિઓ મને જોવા દીધી. તેમની ધર્મપત્ની અતિ નમ્ર પણ તેજસ્વી બાઈ હતી.

મને આ દંપતીની પદ્ધતિ પસંદ પડતી હતી. અમારી વચ્ચે રહેતા મૌલિક ભેદો અમે બંને જાણતાં હતાં. એ ભેદો ચર્ચા કરી ભૂંસી શકાય તેવું નહોતું. જ્યાં જ્યાં ઉદારતા, સહુષ્ણુતા અને સત્ય છે ત્યાં ભેદો પણ લાભદાયક નીવડે છે. મને આ દંપતીનાં નમ્રતા, ઉદ્યમ, કાર્યપરાયણતા પ્રિય હતાં. તેથી અમે વખતોવખત મળતાં.

આ સંબંધે મને જાગ્રત રાખ્યો. ધાર્મિક વાચનને સારુ જે નવરાશ મને પ્રિટોરિયામાં મળી ગઈ તે તો હવે અશક્ય હતી, પણ જે કંઈ વખત બચતો તેનો ઉપયોગ હું તેવા વાંચનમાં કરતો. મારો પત્રવ્યવહાર જારી હતો. રાયચંદભાઈ મને દોરી રહ્યા હતા. કોઈ મિત્રે મને નર્મદાશંકરનું 'ધર્મવિચાર' પુસ્તક મોકલ્યું. તેની પ્રસ્તાવના મને મદદરૂપ થઈ પડી. નર્મદાશંકરના વિલાસી જીવનની વાતો મેં સાંભળી હતી. તેમના જીવનમાં થયેલ ફેરફારના પ્રસ્તાવનામાં કરેલા વર્ણને મને આકર્ષ્યો, ને તેથી તે પુસ્તક પ્રત્યે મને આદર થયો. હું તે ધ્યાનપૂર્વક વાંચી ગયો. મૅક્સમૂલરનું પુસ્તક 'હિંદુસ્તાન શું શીખવે છે?' એ મેં બહુ રસપૂર્વક વાંચ્યું. થિયૉસૉફિકલ સોસાયટીએ પ્રગટ કરેલ ઉપનિષદનું ભાષાંતર વાંચ્યું. મારો હિંદુ ધર્મ પ્રત્યે આદર વધ્યો. તેની ખૂબી હું સમજવા લાગ્યો. પણ બીજા ધર્મો પ્રત્યે મને અભાવ ન થયો. વૉશિંગ્ટન અરવિંગકૃત મહમદનું ચરિત્ર અને કાર્લાઈલની મહમદસ્તુતિ વાંચ્યાં. પેગંબર પ્રત્યે મારું માન વધ્યું. 'જરથુસ્તનાં વચનો' નામનું પુસ્તક પણ વાંચ્યું.

આમ મેં જુદા જુદા સંપ્રદાયોનું ઓછુંવત્તું જ્ઞાન મેળવ્યું. આત્મનિરીક્ષણ વધ્યું. જે વાંચવું ને પસંદ કરવું તેનો અમલ કરવો એ ટેવ દૃઢ થઈ, તેથી હિંદુ ધર્મમાં સૂચવેલી પ્રાણાયામ વિષેની કેટલીક ક્રિયાઓ, જેવી હું પુસ્તકમાંથી સમજી શક્યો તેવી, મેં શરૂ કરી. પણ મારો મેળ ન જામ્યો. હું તેમાં આગળ ન વધી શક્યો. હિંદુસ્તાન પાછો જાઉં ત્યારે તેનો અભ્યાશ કોઈ શિક્ષકની દેખરેખ નીચે કરવાનો ઈરાદો રાખ્યો. તે કદી પાર ન પડી શક્યો.

ટૉલ્સટૉયનાં પુસ્તકોનું વાચન વધારી મૂક્યું. તેનું 'ગૉસ્પેલ્સ ઈન બ્રીફ' (નવા કરારનો સાર), 'વૉટ ટુ ડુ' (ત્યારે શું કરીશું?) વગેરે પુસ્તકોએ મારા મન ઉપર ઊંડી છાપ પાડી. વિશ્વપ્રેમ મનુષ્યને ક્યાં લગી લઈ જઈ શકે છે એ હું વધારે ને વધારે સમજવા લાગ્યો.

આ જ સમયે એક બીજા ખ્રિસ્તી કુટુંબ સાથે મારે સંબંધ બંધાયો. તેની ઈચ્છાથી હું વેસ્લિયન દેવળમાં દર રવિવારે જતો. ઘણે ભાગે દર રવિવારે સાંજે તેને ઘેર જમવાનું પણ મને હોય. વૅસ્લિયન દેવળની મારા ઉપર સારી અસર ન પડી. ત્યાં અપાતાં પ્રવચનો મને શુષ્ક લાગ્યાં. પ્રેક્ષકોમાં મેં ભક્તિભાવ ન ભાળ્યો. આ અગિયાર વાગ્યાની મંડળી મને ભક્તોની ન લાગી, પણ કંઈક વિનોદ કરવા ને કંઈક રિવાજને વશ થઈને આવેલા સંસારી જીવોની જણાઈ. કોઈ કોઈ વેળા આ સભામાં અનિચ્છાએ મને ઝોલાં આવતાં. હું શરમાતો. પણ મારી આસપાસના પણ કોઈને ઝોલાં ખાતા જોઉં તેથી મારી શરમ હળવી પડે. મારી આ સ્થિતિ મને ન ગમી. છેવટે મેં આ દેવળમાં જવાનું મૂકી દીધું.

જે કુટુંબમાં હું દર રવિવારે જતો ત્યાંથી તો મને રજા જ મળી કહેવાય. ઘરધણી બાઈ ભોળાં, ભલાં, પણ સાંકડા મનવાળાં લાગ્યાં, તેમની સાથે દર વખતે કંઈક ને કંઈક ધર્મચર્ચા તો થાય જ. તે વેળા હું ઘેર 'લાઈટ ઑફ એશિયા' વાંચી રહ્યો હતો. અમે જિસસ અને બુદ્ધના જીવનની સરખામણીમાં પડ્યાંઃ

'જુઓને ગૌતમની દયા. તે મનુષ્યજાતને ઓળંગી બીજાં પ્રાણીઓ સુધી ગઈ. તેના ખભા ઉપર રમતા ઘેટાનો ચિતાર આંખો સામે આવતાં જ તમારું હૃદય પ્રેમથી નથી ઊભરાતું? આ પ્રાણીમાત્ર પ્રત્યેનો પ્રેમ હું ઈશુના ઈતિહાસમાં નથી જોતો.'

બહેનને દુઃખ લાગ્યું. હું સમજ્યો. મેં મારી વાત આગળ ન લંબાવી. અમે ખાવના ઓરડામાં ગયાં. તેમનો પાંચેક વર્ષનો હસમુખો બાળક પણ અમારી સાથે હતો. છોકરાં મને મળે એટલે બીજું શું જોઈએ? તેની સાથે મેં દોસ્તી તો કરી જ હતી. મેં તેની થાળીમાં પડેલા માંસના ટુકડાની મજાક કરી, ને મારી રકાબીમાં શોભી રહેલા સફરજનની સ્તુતિ શરૂ કરી. નિર્દોષ બાળક પલળ્યો, ને સફરજનની સ્તુતિમાં ભળ્યો.

પણ માતા? તે બિચારી દુભાઈ.

હું ચેત્યો. ચૂપ રહ્યો. વાતનો વિષય બદલ્યો.

બીજે અઠવાડિયે સાવધાન રહી. હું તેમને ત્યાં ગયો ખરો, પણ મારો પગ ભારે થયો હતો. મારે જ ત્યાં જવાનું બંધ કરવું એ મને ન સૂઝ્યું, ન ઉચિત લાગ્યું. ભલી બહેને જ મારી મુશ્કેલીનો નિકાલ કર્યો. તે બોલી, 'મિ. ગાંધી, તમે દુઃખ ન લગાડશો, પણ મારે તમને કહેવું જોઈએ કે તમારી સોબતની મારા બાળક ઉપર માઠી અસર થવા લાગી છે. હવે તે રોજ માંસ ખાવાની આનાકાની કરે છે ને પેલી તમારી ચર્ચા યાદ દેવડાવી ફળ માગે છે. મને આ ન પરવડે. મારો છોકરો માંસાહાર છોડે તો માંદો ન પડે તોયે નબળો તો થાય જ. એ મારાથી કેમ સહન થાય? તમે જે ચર્ચા કરો તે આપણી ઘડાયેલાંની વચ્ચે શોભે. બાળકો ઉપર તેની ખરાબ અસર થાય.'

'મિસિસ...., હું દિલગીર છું. તમારી માતા તરીકેની લાગણી હું સમજી શકું છું. મારે પણ છોકરાં છે. આ આપત્તિનો અંત સહેલાઈથી આવી શકે છે. હું બોલું તેની અસર થાય તેના કરતાં જે ખાઉં ન ખાઉં તે જોયાની અસર બાળક ઉપર ઘણી વધારે થાય. એટલે સારો રસ્તો એ છે કે મારે હવેથી તમારે ત્યાં રવિવારે ન આવવું. આપણી મિત્રતામાં તેની કશી ખલેલ નહીં આવે.'

'તમારો પાડ માનું છું,' બાઈએ રાજી થઈને ઉત્તર આપ્યો.



'સત્યના પ્રયોગો'માંથી સાભાર